૪૦૧/૭,૭૫૫

BAPS

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૨૪ જૂન, ૨૦૧૨)**

**(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૧ : ૧૫)** **સત્સંગ પ્રવેશ - ૧**

**નોંધ : પ્રશ્ન પછી આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.** **(કુલ ગુણ : ૭૫)**

**વિભાગ-૧ : નીલકંઠ ચરિત્ર - સત્તરમી આવૃત્તિ, જાન્યુઆરી - ૨૦૧૦**

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''વિધિવત્ પૂજા કરવી પડે છે. ખબર પડે છે !'' (૫૧)

૨. ''હવે હું આપને છોડીશ નહીં. આપ મને છોડશો નહીં.'' (૧૫)

૩. ''પરંતુ આજે તમે અહીં વૃક્ષની નજીક આવ્યા, ત્યાં મારી આંખો ખૂલી ગઈ.'' (૩૦)

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૬]

૧. નીલકંઠવર્ણીની વાત સાંભળી અમીચંદને આશ્ચર્ય થયું. (૬૭-૬૮)

૨. સહજાનંદ સ્વામીના જીવનના નવા અધ્યાયનો પ્રારંભ થયો. (૧૧૨)

૩. નીલકંઠવર્ણીએ લોજમાં રામાનંદ સ્વામીના આશ્રમમાં રહેવાનું પસંદ કર્યું. (૮૯)

**પ્ર.૩ નીચેના આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

૧. સ્ત્રી-પુરુષની સભા જુદી કરી (૯૨) ૨. તપસ્વીઓની દિવ્યગતિ (૭-૯) ૩. રતા બશિયાનું કલ્યાણ (૫૨-૫૫)

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. મહાદત્ત રાજાની બહેનનું નામ શું હતું ? (૨૮)

૨. પ્રેમજી ઠક્કર ઘાસની સાદડી કોને આપવા માગતા હતા ? (૭૫)

૩. સંજોગી બાવાની કન્યાઓએ માતા-પિતાને શું કહ્યું ? (૪૩)

૪. કાળો પર્વત કયાં આવેલો છે ? (૨૦)

૫. પૂનામાં નીલકંઠવર્ણીની સેવા કોણે કરી ? (૬૬)

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૪]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ઘનશ્યામે કોને કોને દિવ્ય દર્શન આપ્યાં ? (૫)

(૧) ☐ વેણીરામ (૨) ☐ પ્રાગ (૩) ☐ ઈચ્છારામ (૪) ☐ રઘુનંદન

૨. સરજુદાસ લોજમાં કઈ કઈ સેવાઓ કરતા ? (૯૫)

(૧) ☐ ભિક્ષા માંગવા જતા. (૨) ☐ છાણ-વાસીદું કરતા.

(૩) ☐ પાણી ખેંચીને સંતોને નવરાવતા. (૪) ☐ ખેતી કરવા જતા.

**પ્ર.૬ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો.** [૪]

૧. શિકોતરને આરે જતાં નીલકંઠવર્ણીને સામે ............... મળ્યો. (૭૨)

૨. હું તમારા જેવા માર્ગ ભૂલેલાને માર્ગ બતાવવા ફરું છું તેવું નીલકંઠવર્ણીએ ............... ને કહ્યું. (૨૭)

૩. ભાવસાર ભગવાનદાસને તેની માએ ............... ને શોધવા મોકલ્યો. (૫૭)

૪. ત્યાગી સાધુએ સ્ત્રી અને ............... નો ત્યાગ રાખવો જોઈએ. (૪૧)

**વિભાગ-૨ : સત્સંગ વાંચનમાળા ભાગ-૧ - બારમી આવૃત્તિ, એપ્રિલ - ૨૦૧૧**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''ચાલો, ચાલો ડભાણથી મુક્ત આવે છે.'' (૧૭)

૨. ''આપણે સારંગપુર મંદિરની મૂર્તિ માટે જયપુર જવા પૈસા લેવા આવ્યા અને આ ઉપાધિ આવી.'' (૫૭)

૩. ''કાઠીઓ તેમને ભગવાન માને છે.'' (૨)

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૪]

૧. જીવુબા ચાર નામથી ઓળખાતાં હતાં. (૪૦)

૨. ઝીણાભાઈએ અદીબા સાથે અબોલા લીધા. (૨૮-૨૯)

**પ્ર.૯** 'આશાભાઈને અંતરમાં થયેલી શાંતિ' (૫૮) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

(પાછળ જુઓ)

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **''સત્સંગ પ્રવેશ-૧''** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

| | તારીખ | | મહિનો | | વર્ષ | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| પરીક્ષાર્થીની જન્મ તારીખ :- | ☐ | ☐ | ☐ | ☐ | ☐ | ☐ | ☐ | ☐ |

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. અશક્ત થયેલા જેઠાભાઈને શો વિચાર આવ્યો ? (૪૫)
૨. બ્રહ્માનંદ સ્વામીએ અમદાવાદમાં મંદિર માટે કોની પાસે જમીનનો લેખ કરાવ્યો ? (૬)
૩. શુકમુનિ શાથી મહારાજના મંત્રી બની ગયા હતા ? (૧૯)
૪. મહાયોગીને પગે લાગતાં જોબનપગીને અંતરમાં કેવો ભાવ થયો ? (૩૧)

**પ્ર.૧૧ નીચે આપેલ વિષય તથા સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો.** [૬]

**વિષય :- સદ્‌ગુરુ શુકાનંદ સ્વામી (૧૭, ૧૯-૨૨)**

**૧.** શુકમુનિએ પોતાનું શરીર પુષ્ટ ન થાય તે માટે શ્રીજીમહારાજ પાસે પ્રાર્થના કરીને તાવ માંગ્યો હતો. **૨.** શુકમુનિ શ્રીજીમહારાજથી વીસ વર્ષ નાના હતા. **૩.** જગન્નાથ વિપ્ર મૂળ બરોળ ગામના વતની હતા. **૪.** સોમલા ખાચરે શ્રીજીમહારાજને વિનંતી કરી કે મહારાજ ! ડભાણના બ્રાહ્મણને સાધુ થવું છે. **૫.** શ્રીજીમહારાજે પોતાના ડાબા ચરણના અંગૂઠામાંથી જ્યોત કાઢી પત્ર પૂરો કરાવ્યો. **૬.** સં. ૧૯૨૫માં વરતાલમાં દેહ છોડ્યો. **૭.** નાહવાનું મોડું થઈ ગયું હતું. **૮.** સં. ૧૮૭૨માં શ્રીજીમહારાજે વેદવિધિથી દીક્ષા આપી 'શુકાનંદ' નામ પાડ્યું. **૯.** બારશના દિવસે શ્રીજીમહારાજે શુકમુનિને ખીચડીનાં પારણાં કરાવ્યાં. **૧૦.** સારંગપુર પ્રકરણના ત્રીજામાં શ્રીજીમહારાજે શુકમુનિની પ્રશંસા કરતાં કહ્યું, 'આ શુકમુનિ તો બહુ મોટા સાધુ છે, એ તો મુક્તાનંદ સ્વામી જેવા છે.' **૧૧.** શ્રીજીમહારાજે અંતર્ધાન થયા પછી અક્ષરઓરડીમાં કાગળ લખાવ્યો. **૧૨.** શુકમુનિએ ડુંગરભાઈને વર્તમાન ધરાવી આશીર્વાદ આપ્યા.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **(૧) ફક્ત સાચા નંબરો** | | | | | | |
| **(૨) યથાર્થ ઘટનાક્રમ** | | | | | | |

**સૂચના : (૧) ફક્ત સાચા નંબરોમાં તમામ છ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. (૨) યથાર્થ ઘટનાક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**પ્ર.૧૨ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો.** [૪]

**નોંધ : સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

ઉદાહરણ :- **સ્વામી યજ્ઞપ્રિયદાસજી :-** મોતીભાઈના દીકરા જેઠાભાઈને ખેતરમાં ફરતી વખતે વીંછી કરડવાથી ધામમાં ગયા. પછી શ્રીજીમહારાજ સાથે આવી મોતીભાઈને નારાયણ કહ્યા.

જવાબ :- **સ્વામી યજ્ઞપ્રિયદાસજી : આશાભાઈ**ના દીકરા **દેસાઈભાઈ**ને **ઘાસના બીડમાં કામ કરતાં સર્પ** કરડવાથી ધામમાં ગયા. પછી **ભગતજી મહારાજ** સાથે આવીને **આશાભાઈ**ને **જય સ્વામિનારાયણ** કહ્યા.

૧. **સદ્‌ગુરુ દેવાનંદ સ્વામી :** દેવાનંદ સ્વામી મુક્તાનંદ સ્વામી પાસે રહીને વેદશાસ્ત્ર અને ગાયકી શીખવા લાગ્યા. (૧૪)
૨. **ભક્તરાજ જોબનપગી :** કાશીદાસે જોબનપગીને કહ્યું, 'સ્વામિનારાયણમાં તેં શું ભાળ્યું ? તે શું કંઈ ચમત્કારથી ઘોડાની ગાય બનાવે છે ?' (૩૬)
૩. **સ્વામી નિર્ગુણદાસજી :** સં.૧૯૫૩માં આચાર્ય ભગવત્પ્રસાદજી મહારાજે જેઠાભાઈને મુંબઈ મંદિરના કોઠારી નીમ્યા. ત્યાર બાદ વડોદરા, સુરત, ગઢડા વગેરે મંદિરોમાં પણ કોઠારી તરીકે કામ કર્યું. (૪૫)
૪. **ભક્તરાજ દરબાર શ્રી ઝીણાભાઈ :** પંચાળામાં ઝીણાભાઈ માંદા પડ્યા. તે સમાચાર શ્રીજીમહારાજને વરતાલમાં મળ્યા. ગાડામાં બેસીને તાબડતોબ અર્ધરાત્રિએ શ્રીજીમહારાજ પંચાળા પધાર્યા. (૨૯)

## વિભાગ-૩ : નિબંધ

**પ્ર.૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર આશરે ૩૦ લીટીમાં નિબંધ લખો.** [૧૦]

૧. યુવાનોના ઘડતરની વિદ્યાપીઠ : બી.એ.પી.એસ. (સ્વામિનારાયણ પ્રકાશ - ફેબ્રુઆરી - ૨૦૧૨)
૨. મૃત્યુ માંગલ્યનો ઉત્સવ : સેવાના સંકલ્પને પૂર્ણ કરવાની ઝંખના. (સ્વામિનારાયણ પ્રકાશ- સપ્ટેમ્બર - ૨૦૧૧)
૩. મારા અંતરની વીણા ઝંકારે : ભક્તિ અને કરુણાનો સાગર (સ્વામિનારાયણ પ્રકાશ- ડિસેમ્બર - ૨૦૧૧)

❊ ❊ ❊

**નોંધ :- આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૫ જુલાઈ, ૨૦૧૨ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાના પાના જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ.**

☞ અગત્યની જાહેરાત **તમામ પરીક્ષાર્થીઓ આપણી સંસ્થાની નીચે દર્શાવેલી website - link પરથી જૂનાં વર્ષોનાં પ્રશ્નપત્રો તથા તેના ઉકેલપત્રો નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકશે તથા તેની પ્રિન્ટ પણ કાઢી શકશે.**

**http://www.swaminarayan.org/satsangexams/pastpapers/**